Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# નવોદિત કલમનો આશરો : 'મમતા' વાર્તામાસિક

MILANKUMAR MAHESHKUMAR SOLANKI
Ph.D. Scholar (HNGU, PATAN)
MO.NO.9879989861
EMAIL ID : solankimilan999@gmail.com

ગુજરાતી ભાષામાં વાર્તાનું સ્વરુપ ગુણવત્તા અને ફાલની દ્રષ્ટિએ ઝંખવાઈ રહ્યુ હતું, ત્યારે સશક્ત અને તેજસ્વી એવા નવા વાર્તાકારોની નવી શ્રેણીના ઉત્કર્ષ અને સંવર્ધન કરવાના એકમાત્ર ઉદ્દેશ સાથે વાર્તાકાર મધુરાયના સંપાદન હેઠળ ખાસ નવોદિતો માટેના નવા વાર્તામાસિક 'મમતા' વાર્તા માસિકની મમતાભરી શરૂઆત તા.૧૧/૧૧/૨૦૧૧ રોજ કરવામાં આવી હતી.

મમતા વાર્તા માસિક એ મધુરાયનું એક સ્વપ્ન હતું જે એમણે વર્ષોથી સજાવીને રાખ્યું હતું. 'ચાંદની' મેગેઝીન બંધ થયા બાદ આપણી ગુજરાતી ભાષામાં વાર્તાનું એકમાત્ર કહી શકાય એવું કોઈ મેગેઝીન ન હોવાનો અફસોસ એ સપનાની એ પછીતેથી ચોળાઈને નજર આવતો હતો. ગુજરાતી સાહિત્ય પ્રત્યે મધુરાયનો પ્રેમ જગજાહેર છે. ગુજરાતી ભાષામાં વાર્તાનું એકમાત્ર કહી શકાય એવું કોઈ મેગેઝીન ન હોય તેની વ્યથા એક વાર્તાના જીવ કરતા બીજુ કોણ વધારે સારી રીતે સમજી શકે ? તેમના ગહનમાં છુપાયેલી ઇચ્છાને આકાર મળ્યો ત્યારે આપણને નવું એક મેગેઝીન મળ્યું. નામ પણ જુઓ 'મમતા' વાર્તા માસિક. ગુજરાતી વાર્તાઓ પ્રત્યે જેને જીવ જેટલો વ્હાલ છે તેમના માટે આનાથી વિશેષ સારું નામ બીજું કંઈ ન હોઈ શકે. મધુરાયે ૧૭ નવેમ્બર ૨૦૧૧ ના રોજ આ સજાવી રાખેલા સપનાને આકાર આપ્યો હતો.

'મમતા' વાર્તા માસિકનું વિધિવત સ્વાગત લોકાર્પણ તારીખ ૧૭ નવેમ્બર ૨૦૧૧ સાંજે ૦૬:૦૦ વાગે ભારતીય વિદ્યા ભવન, મુંબઈમાં જાણીતા વાર્તાકારો અને મહાનુભાવોની હાજરીમાં આપણા લોકલાડીલા ગુજરાતી અભિનેતા 'પરેશ રાવલ'ના હસ્તે થયું હતું. એ દિવસ ગુજરાતી વાર્તા સાહિત્ય સોનેરી દિવસ બની રહ્યો હતો.

મમતાનો પહેલો અંક બહાર પડવાની ખુશીમાં આમંત્રિત સહુએ સામેલ થઈને એ દિવસને યાદગાર બનાવ્યો હતો. કેટલાક જાણીતા વાર્તાકારોએ વાર્તા વાંચી સંભળાવી અને વાર્તામાં શૈલીનું

કેટલું મહત્વ છે એની રસાળશૈલીમાં ચર્ચાઓ થઈ હતી. ગુજરાતી સાહિત્યકારો દ્વારા આવનારા સમયમાં ગુજરાતી વાર્તામાં ક્યા પ્રકારના પરિવર્તનો આવશે તે અંગે ખૂબ મજેદાર વાતો થઈ હતી.

'મધુરાયે' વાર્તા અંગે ન ખેડાયેલા રસ્તાઓ વિશે વિસ્તારપૂર્વક વાત કરી હતી. નવોદિત વાર્તાકારો જેઓ વાર્તા લખવાની શરૂઆત કરી રહ્યા હતા તેઓને પીઠબળ પૂરુ પાડવાનું કામ મમતા સંભાળશે તેવી તેમણે ઉત્સાહભેર જાહેરાત કરી હતી અને સૌએ તેને વધાવી લીધી હતી. 'મમતા' વાર્તા માસિક થકી ભવિષ્યમાં આપણને ઘણા નવા વાર્તાકારો મળશે તેવી આશાનો એક સૂરજ એ દિવસે ઉગી નીકળ્યો હતો.

મમતા વાર્તા માસિક ગાંધીનગરથી ચંદ્રમણિ પ્રકાશનનાં નેજા હેઠળ પ્રકાશિત થાય છે. તેની ટેગ લાઈન 'આવતી કાલના વાર્તાકારોનું આજનું માસિક' છે. તેના સંપાદક મધુરાય છે. તંત્રી, મુદ્રક, પ્રકાશક એ.વિ.ઠાકર છે. જે મધુરાયનાં ભાઈ છે. 'મમતા' દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે. આ સામયિકની નિયમાવલિ સૌ પ્રથમ એક વાતનો ઉલ્લેખ કરવામાં આવેલો છે કે, " 'મમતા' આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખોને હાર્દિક આવકાર મળેલો છે. 'મમતા'માં કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા રાખે છે." 'મમતા'નું વાર્ષિક લવાજમ રૂ.૨૦૦ હતું અને છૂટક કિંમત રૂ.૨૦ હતી. જે આજે વાર્ષિક લવાજમ રૂ.૩૦૦ અને છૂટક કિંમત રૂ.૩૦ છે.

આ સામયિકમાં આપણી ભાષાના સર્જકોની વાર્તાઓને વાર્તાકારની તસવીરો અને પરિચય સાથે પ્રકાશિત કરે છે. સર્જકોના ઐતિહાસિક ક્રમે નોંધપાત્ર નીવડેલી વાર્તાઓ અહીં પ્રકાશિત કરાઈ છે. જેમાં મલયાનિલ, રા.વિ.પાઠક, ક.મા.મુનશી જેવા સર્જકોની વાર્તાઓ પણ પ્રગટ થયેલી છે. સાંપ્રત વાર્તાકારોની વાર્તાઓનું પ્રકાશન અને પ્રસંગાનુરૂપ ચિત્રાત્મકતા તેમ રેખાંકનો આ સામયિકનો વિશેષ છે. ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓની અને પશ્ચિમની વાર્તાઓના અનુવાદો અહીં પ્રકાશિત થતા રહે છે. અગાઉના અંકોમાં પ્રકાશિત થયેલી વાર્તાઓની સમીક્ષા જુદા જુદા વાર્તા અભ્યાસીઓ પાસે એના પછીના અંકમાં કરવામાં આવે છે. મધુરાયની સંપાદકીય નોંધ અંકના મહત્વને પ્રગટ કરે છે.

આજથી ચૌદ વર્ષ પહેલાં શરૂ થયેલા આ વાર્તામાસિક થકી આપણને આજે ઘણા નવા વાર્તાકારો મળ્યા છે જેઓ પોતે ખૂબ સરસ વાર્તા લખી અને જીવી જાણે છે. ઘણા નવોદિત લેખકોનું પ્રિય બની ગયેલું આ વાર્તામાસિક હવે એવા મુકામ પર છે જ્યાંથી તે ગુજરાતી વાર્તામાં આવનારા નવા પ્રયોગાત્મક સફળ ભવિષ્ય તરફ નજર કરી શકે છે. કેટલાંય નવોદિત વાર્તાકારો માટે મંચસ્થ બનીને 'મમતા' વાર્તા માસિક આજે એ સહુ કોઈ માટે પ્રિયજન સમાન બની ગયું છે.

કોઈપણ સામયિક માટે એના વાચકોનો અભિપ્રાય આઈનો દેખાડનાર સાબિત થાય છે. તો 'મમતા' વાર્તા માસિકનાં વાચકોનો પણ ઉલ્લેખ કર્યા વગર કઈ રીતે રહી શકાય. કેટલાંય એવા વાચકો મમતા સાથે જોડાયેલા છે જેમનો દિવસ આ વાર્તામાસિક વાંચ્યા વગર અધૂરો ઉગ્યો હોય તેવું લાગ્યા કરે છે. ઘણા વાચકોને મમતાના અંક ભૂતકાળમાં સમયસર પહોંચ્યા ન હોવા છતાં આજની તારીખે પણ મમતા સાથે જોડાઈ રહીને સહયોગ આપતા રહ્યા છે. 'મમતા' વાર્તા માસિક કોઈ સંજોગોમાં વાચોકોને ન મળે તો કોઈ પણ ઉશ્કેરાટ વગર ધીરજથી રાહ જોઈને પછી જાણ કરનારા પણ છે. 'મમતા' વાર્તા માસિકની ટીમ પણ વાચોકોને ફરીથી તેમના પ્રશ્નોનો હલ સ્વરૂપે અંક ફરી મોકલાવે ત્યારે આભાર માનવાનું પણ ભૂલતા નથી.

'મમતા' વાર્તા માસિક વાર્તા લખનાર દરેકની વાર્તા ચયન કરી છાપે છે. તેમાં કેટલીક વાર્તાઓ ઉત્તમકક્ષાની હોય છે અને કેટલીક ઘણાં સાહિત્યકારો અને ભાવકોને ગમતી નથી. તો આ બાબતે ઘણા પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે. જેની સ્પષ્ટતા માટે મધુરાયના લેખો વાંચતા તેમજ વિવિધ વેબસાઈટ પર રહેલા ઈન્ટરવ્યુ જોતા જણાય છે કે, મધુરાય પ્રશ્ન કરે છે કે વાર્તા માટે જ કેમ આ ઉહાપોહ થાય છે. ગુજરાતી સાહિત્યમાં ગઝલ લખનારનું પ્રમાણ વધારે છે, તો તે બાબતે કોઈ મૂલ્યાંકન નથી થતું કે ચર્ચા પણ થતી નથી. તેઓના જણાવ્યા મુજબ સાહિત્યકાર કોઇપણ કૃતિની રચના પોતાના આનંદ માટે કરે છે. અને જો તેમાંથી ભાવકને પણ આનંદ મળે તો સારી વાત કહેવાય. 'મમતા'માં છપાતી વાર્તા બાબતે પણ તેઓ જણાવે છે કે, નવા વાર્તાકારોને ઉત્સાહિત કરવા માટે સારું એવું માધ્યમ 'મમતા' છે. એકવાર વાર્તા છપાય તો તેમનો ઉત્સાહ વધે છે અને વાર્તા બાબતે વધુ ખેડાણ કરવા પ્રેરણા મળે છે. અને માત્ર વાર્તા 'મમતા'માં છપાતી જ નથી, પરંતુ તેના બીજા અંકમાં પ્રસિદ્ધ સાહિત્યકારો દ્વારા એ વાર્તાની સમીક્ષા લખવામાં આવે છે. જેના કારણે વાર્તાકારોને વાર્તામાં ખૂટતી ત્રુટીઓને દુર કરવા માટેની સમજ મળે છે. વાર્તાકારો અને ભાવકોને

પણ ખરેખર વાર્તામાં શું હોવું જોઈએ એનો ખ્યાલ આ સમીક્ષામાંથી મળે છે. આ રીતે મધુરાય વાર્તા સાહિત્યમાં ઉત્તમ વાર્તાઓ મળી રહે તેના માટે વિદેશની ધરતી પર રહી સતત પ્રયત્નશીલ રહે છે.

'મમતા' સામયિકમાં વાર્તા સ્પર્ધામાં નવોદિત વાર્તાકારોને માત્ર પોતાની વાર્તા પ્રકાશિત કરવાની જ નહિ પરંતુ સારામાં સારું ઇનામ જીતવાની પણ તક આપે છે. જે સમયાંતરે યોજાતી રહે છે. જેમાં સ્પર્ધામાં પ્રથમ આવનારી વાર્તાને રૂ.૫૧,૦૦૦નુ 'અશોક હર્ષ' પારિતોષિક અમેરિકાવાસી સાહિત્યપ્રેમી દેવેન્દ્ર પીર તરફથી અને બીજા અને ત્રીજા સ્થાને આવનારી વાર્તાઓને 'મમતા' તરફથી રૂ.૨૧,૦૦૦/- અને રૂ.૧૧,૦૦૦/-નાં પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા હતા.

'મમતા'માં નવોદિત હોય કે નીવડેલા વાર્તાકારો ૧૪ વર્ષ દરમિયાન પ્રગટ થયેલી વાર્તાઓ દ્વારા સમયાંતરે જે નવ્ય ટૂંકીવાર્તાના પ્રવાહો વહ્યા છે તેની પ્રતીતિ થશે. 'મમતા'માં આજ સુધીમાં પ્રગટ થયેલી વાર્તાઓને વાંચવાથી આ સમયગાળામાં ટૂંકીવાર્તા ક્ષેત્રે કેવાં અને કેટલાં પરિવર્તનો આવ્યા છે તે સમજાય છે. આ વાર્તાઓનું વાંચન કરતા આગામી વર્ષોની ગુજરાતી ટૂંકીવાર્તાના પ્રવાહો કેવાં હશે તે જાણી શકાશે. આ વાર્તાઓમાં રહેલું વિષયવૈવિધ્ય, એની રચનારીતિ, ભાષા, વિષયનિરૂપણમાં ક્યાંક આધુનિકતા, પ્રતિક યોજના, દામ્પત્યજીવનની વાત, જનસામાન્યની વીતક કથા, નારીચેતનાની વાત, માતૃપ્રેમની વાત તો ક્યાંક રહસ્ય પણ પ્રમાણી શકાય છે.

'મમતા'માં પ્રગટ વાર્તાઓમાં વિષયનું ભિન્નત્વ, ભાષાનો યોગ્ય વિનિયોગ, શૈલી, કથાવસ્તુ, વિશિષ્ઠ રચનારીતી અને સાંપ્રત ગુજરાતી વાર્તાકળાના પ્રવાહનું પ્રતિબિંબ આ વાર્તાઓમાં જોઈ શકાય છે. આ સામયિકમાં જે નવોદિત વાર્તાકારોની વાર્તાઓ પ્રથમવાર પ્રગટ થઇ હતી અને તેઓને વાર્તાકાર બનાવવમાં 'મમતા' સામયિકનું યોગદાન રહેલું છે, તેવા ઘણાં સર્જકો આજે ગુજરાતી સાહિત્યમાં સારું નામ અને કામ મેળવી રહ્યા છે. તેમને સાહિત્યિક કે સામાજિક પ્રદાન માટે વિવિધ પારિતોષિકો, પુરસ્કારો અને એવોર્ડ્ઝથી સન્માનિત કરવામાં આવે છે. ઝવેરચંદ મેઘાણી, વિનોદિની નીલકંઠ, પન્ના ત્રિવેદી, પ્રીતિ સેનગુપ્તા, ગુલાબદાસ બ્રોકર, કોશા રાવલ, બળવંત જાની, કિશોર રાવલ, દુર્ગેશ ઓઝા, જીગ્નેશ અધ્યારુ, દિલીપ રાણપુરા, ઊજમશી પરમાર, પીનાકીન દવે, રામ મોરી, પુષ્કર ચંદરવાકર, ડૉ.પ્રવીણ દરજી, માવજી મહેશ્વરી, હસુ યાજ્ઞિક, રાધેશ્યામ શર્મા, ધીરુબહેન પટેલ, દિવાન ઠાકોર, દલપત ચૌહાણ, રાઘવજી માધડ, દેવાંગી ભટ્ટ, હંસા જાની,ધીરુભાઈ શાહ,

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

અશ્વિન દેસાઈ, વિરાફ કાપડિયા, સતીશ વૈષ્ણવ,  મોહન પરમાર, મણીલાલ હ. પટેલ, રાજેશ અંતાણી, પ્રભુદાસ પટેલ, દિનકર જોષી, નીતિન ત્રિવેદી, ડૉ.કેશુભાઈ દેસાઈ, ડૉ.પ્રફુલ્લ દેસાઈ, ડૉ.નવીન વિભાકર, રમણ મેકવાન, ડૉ.વિરંચિ ત્રિવેદી, પારુલ ખખ્ખર, નસીમ મહુવાકર, પ્રવીણ ગઢવી, વિજય શાસ્ત્રી,  અજય સોની વગેરે સર્જકોની વાર્તાઓ 'મમતા'માં પ્રકાશિત થઇ ચુકી છે. પ્રત્યેક વર્ષે સંખ્યાબંધ નવોદિત વાર્તાકારોની વાર્તાઓ પ્રગટ કરીને 'મમતા' દ્વારા નવોદિત વાર્તાકારોને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. પરિણામે જુદી જુદી સંસ્થાઓ દ્વારા ટૂંકીવાર્તા અને ટૂંકીવાર્તાના સંગ્રહોને અને વાર્તાકારોને પારિતોષિક મળતાં રહ્યાં છે.